# એનડીડીબીએ પંજાબ નેશનલ બેંક સાથે એમઓયુ કર્યું




મિલ્ક યુનિયનો/ફેડરેશનો, મલ્ટીસ્ટેટ કોઓપરેટીવ્સ, ઉત્પાદક કંપનીઓ જેવી ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓ અને એનડીડીબીની સહાયક કંપનીઓ સહિત સહકારી ક્ષેત્રમાં કાર્યરત લાભાર્થી સંગઠનો (બીઓ)ને ધીરાણ પૂરું પાડવા માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી)એ પંજાબ નેશનલ બેંક (પીએનબી)ની સાથે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ)પર હસ્તાક્ષર કર્યા છે. એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એસ. રઘુપતિ અને પીએનબીના જનરલ મેનેજર દિપાંકર મહાપાત્રાએ એનડીડીબીના ચેરમેન મીનેશ શાહની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર પાંચ વર્ષ માટે લાગુ રહેશે. આ પ્રસંગે એનડીડીબીના ચેરમેન મીનેશ શાહે જણાવ્યું હતું કે, બંને સંગઠનો વચ્ચે સાધવામાં આવેલો આ સહકાર ઉત્પાદકોની માલિકીની સંસ્થાઓ માટે ડેરી ઈન્ફ્રાસ્ટ્રકચરના વિસ્તરણ અને વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. ડેરી ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રોકાણ થવાથી ડેરી વેલ્યુ ચેઈનમાં નિઃશંકપણે વધુ કાર્યક્ષમતા લાવશે. તેનાથી દૂધ અને દૂધના ઉત્પાદનોની વધતી જઈ રહેલી માંગને કારણે પેદા થયેલા પડકારોના સ્થાયી અને નવીન પ્રકારના ઉકેલો શોધવાના પ્રયાસો વધુ સમૃદ્ધ બનશે.